ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫૦૦૩.

**અપીલ અરજી નં.૦૪/૨૨-૨૩**

**અરજદાર :** શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ

**સામાવાળા :** સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ(પી)વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :-**

**વિષય:-** અરજદાર શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિની તા.૨૦/૦૧/૨૦૨૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૩૫૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:-** અરજદાર મજકુરની તા.૧૬/૦૨/૨૦૨૩ની અપીલ અરજી.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ એ આઈ.ડી.નં.૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે અરજીમાં દર્શાવેલ માહિતીની વિગતો સંપૂર્ણ મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને સ્પર્શતી હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૧૮ તા.૧૬/૦૨/૨૦૨૩થી માહિતી/પૂર્તતા નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ. જે બાબતે તા.૧૬/૦૨/૨૦૨૩ના રોજ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને સંબોધીને મજકુર અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ છે. જે અપીલ અરજી અપીલ અધિકારી અને ઈ.ચા.ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) સુરત મહાનગરપાલિકાના નં.સી./એફ.એ.પી./૫૦ તા.૧૭/૦૨/૨૦૨૩ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૧/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદાર ધ્વારા અપીલ તબકકે "માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. માહિતી જાણી જોઈને છુપાવવાનો આશ્રય માલુમ પડે છે." તેમ જણાવેલ છે.

અરજદાર ધ્વારા ઉક્ત મુળ આઈ.ડી.થી માંગેલ માહિતી સબંધે તા.૧૬/૦૨/૨૦૨૩ના રોજ "માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. માહિતી જાણી જોઈને છુપાવવાનો આશ્રય માલુમ પડે છે." તેમ જણાવેલ છે. ઉક્ત દાખલ કરાયેલ પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતાં તેઓને રૂબરૂ સુનાવણી રાખી ચર્ચા/વિચારણા કરી યોગ્ય સલાહ સુચનો આપવા જોગ જણાતા તેઓને નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/RTI-૧૯ તા.૨૮/૦૨/૨૦૨૩થી પાઠવેલ પત્રમાં તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. પરંતુ અરજદારે તા.૨૮/૦૨/૨૦૨૩ના રોજની અપીલ સુનાવણી અંગે અન્ય તારીખ ફાળવવા બાબતેની અરજીથી "ઉક્ત તારીખે તમો અન્ય કામમાં રોકાયેલ હોવાથી હાજર રહી શકે તેમ નથી. જેથી દિન-૦૭ પછી સુનાવણી રાખવા વિનંતી " એમ જણાવેલ.જે વિગતો ધ્યાને લઈ અપીલ અરજીની સુનાવણી માટે નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/RTI-૨૦ તા.૦૬/૦૩/૨૦૨૩થી તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા ફરીથી જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉક્ત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. આમ, ઉક્ત હકીકત ધ્યાને લેતાં મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવા જોગ જણાય છે.

**-: હુકમ :-**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીક્ત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિની મુળ આઈ.ડી.નં.૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ના રોજની અરજી અન્વયે તા.૧૬/૦૨/૨૦૨૩થી કરેલ અપીલ અરજી સંદર્ભે નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/RTI-૧૯ તા.૨૮/૦૨/૨૦૨૩થી પાઠવેલ પત્રમાં તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. પરંતુ અરજદારે તા.૨૮/૦૨/૨૦૨૩ના રોજની અપીલ સુનાવણી અંગે અન્ય તારીખ ફાળવવા બાબતેની અરજીથી "ઉક્ત તારીખે અમો અન્ય કામમાં રોકાયેલ હોવાથી હાજર રહી શકે તેમ નથી. જેથી દિન-૦૭ પછી સુનાવણી રાખવા વિનંતી" એમ જણાવેલ. જે વિગતો ધ્યાને લઈ અપીલ અરજીની સુનાવણી માટે નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/RTI-૨૦ તા.૦૬/૦૩/૨૦૨૩થી તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા ફરીથી જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉક્ત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. તેમ છતાં આપશ્રીને મુદ્દા નં.૧ થી માંગેલ માહિતી બાબતે નં.જીએડી/ઈએસટી/પી/યુ/૨૨૯ તા.૦૩/૧૨/૨૦૨૨ થી તેમજ મુદ્દા નં.૪,૫ અને ૬થી માંગેલ માહિતી બાબતે નં.જીએડી/ઈએસટી/પી/યુ/૨૯૦ તા.૧૪/૦૨/૨૦૨૩થી જરૂરી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. વધુમાં આપશ્રીને ઉક્ત મુદ્દાઓથી માંગેલ માહિતીની પૂર્તતાની નકલ (પાના નંગ-૪) વિનામુલ્યે ફરી પાઠવવા બાબતે જાહેર માહિતી અધિકારીને હુકમ કરવામાં આવે છે.

આમ, ઉક્ત હકીકત ધ્યાને લેતાં મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦-એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે તેમજ આયોગની વેબસાઈટ **https://gic.gujarat.gov.in/default.aspx** ઉપર ઓનલાઈન પણ બીજી અપીલ કરી શકે છે.

(સહી) ૧૭/૩/૨૩

નં.જીએડી/ઇએસટી/પી/આઉટ/આરટીઆઈ/ ૨૧
તા.૧૭/03/૨૦૨૩

(સોનાલી આર.ગામીત)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯

**નકલ રવાના:** શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ, ૧૪, ગ્રાઉન્ડ ફ્લોર, SMC મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત પ્રતિ....જાણ માટે.

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ-પેન્શન વિભાગ) પ્રતિ....જાણ માટે.

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫૦૦૩. |

**અપીલ અરજી નં.૦૩/૨૨-૨૩**

**અરજદાર :** શ્રી દિપક પટેલ

**સામાવાળા :** સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૭/૦૬/૨૦૨૨ની મુળ અરજી આઈ.ડી.નં.૪૩૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૩૦/૦૭/૨૦૨૨ની અપીલ અરજી.

અરજદાર શ્રી દિપક પટેલ એ આઈ.ડી.નં.૪૩૪, તા.૨૭/૦૬/૨૦૨૨ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૧૨ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧૦ની માહિતીની વિગતો અંશતઃ મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર) વિભાગને સ્પર્શતી હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૪ તા.૨૦/૦૭/૨૦૨૨થી પુરી પાડવામાં આવેલ માહિતી " માત્ર મુદ્દા નં.૧૦ની પૂર્તતા આપી છે. પરંતુ બાકીની કોઈ માહિતી આપી નથી. માહિતી ના આપવાના કોઈ કારણ જણાવ્યા નથી." એમ જણાવી મુળ અરજીમાં જણાવેલ માહિતી મેળવવા તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ મજકુર અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જે અપીલ અરજી C.C.C./C/Zone/Out/313 Dt.01/08/2022 થી અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ વિભાગ)નેતબદીલ કરવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત વિગતે મજકુર અરજદાર ધ્વારા તા.૨૭/૦૬/૨૦૨૨ના રોજ મુળ આરટીઆઈ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ની માંગવામાં આવેલ અંશતઃ માહિતી મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર) વિભાગને લાગત હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ ધ્વારા કચેરીના માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અધિકારીશ્રી નામ–હોદ્દા, સરનામા, ફોન નંબર, ઈ–મેઈલ નંબરની માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ. તેમજ RTI CELL એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી બાબતે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર) વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે એમ માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ.

અરજદારની તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબક્કે મુખ્યત્વે "માત્ર મુદ્દા નં.૧૦ની પૂર્તતા આપી છે. પરંતુ બાકીની કોઈ માહિતી આપી નથી. માહિતી ના આપવાના કોઈ કારણ જણાવ્યા નથી." તેમ જણાવેલ છે. જે પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા આ અંગે વિસ્તુત ચર્ચા/વિચારણા કરવા માટે તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉક્ત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ હતા.

અરજદાર ધ્વારા તા.૧૭/૦૮/૨૦૨૨ના રોજ રૂબરૂ સુનાવણીના રોજકામમાં ઉક્ત જણાવેલ રજુઆત અન્વયે મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ની માહિતી સિવાય કોઈપણ મુદ્દાની માહિતી મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર) વિભાગને લાગત નથી તથા તેવી કોઈપણ માહિતીનો રેકર્ડ મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ પાસે ઉપલબ્ધ ન હોવાથી અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ વાંધાઓ/આક્ષેપો તથા અપીલ અધિકારી સમક્ષ રજુ કરેલ લેખિત રજુઆત યોગ્ય અને ઉચિત જણાતી ન હોય જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં ગુજરાત રાજ્ય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૬૩/૨૦૧૬/૪૪૪૩/પી, તા.૨૧/૦૩/૨૦૧૬ મુજબ ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ની કલમ–૪ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે પરિશિષ્ટ–૧ માં દર્શાવેલી કુલ–૨૭ સેવાઓને તેની સામે દર્શાવેલ સમયમર્યાદામાં આપવા જણાવેલ છે. જે જાહેરનામામાં જણાવેલ ૨૭ સેવાઓ પૈકી કોઈપણ સેવા મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગને સ્પર્શતી નથી. આમ, ઉક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી દિપક પટેલની મુળ આઈ.ડી.નં.૪૩૪, તા.૨૭/૦૬/૨૦૨૨ થી ધ ગુજરાત રાઈટ ઓફ સીટીઝન ટુ પબ્લીક સર્વિસ એક્ટ–૨૦૧૩ સબંધિત તેમજ જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની વિગતના મુદ્દા નં.૧ થી ૧૨ની માહિતીની માંગણી કરેલ. સદર અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન અધિકારી, મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ ધ્વારા નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૪ તા.૨૦/૦૭/૨૦૨૨થી નિયત "નમુના–ગ"માં અત્રેના વિભાગને લાગત મુદ્દા નં.૧૦ની માહિતી પાઠવવામાં આવેલ જે યોગ્ય અને ઉચિત જણાય છે. અરજદારશ્રી ધ્વારા તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ દાખલ કરેલ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા તેઓને રૂબરૂ સુનાવણીની તક આપવા જોગ જણાતી હોય, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૨૦ તા.૦૮/૦૮/૨૦૨૨થી અરજદારશ્રીને તા.૧૭/૦૮/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી(મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. અરજદારશ્રી ઉક્ત તારીખે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ. જેમાં તેઓને માંગેલ માહિતી અન્વયે પ્રથમ અપીલ અધિકારી સમક્ષ મુદ્દા નં.૧ થી૧૦ થી લેખિતમાં રજુઆત કરેલ. જે રજુઆત અન્વયે મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ સિવાય કોઈપણ મુદ્દો મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર)વિભાગને લાગત નથી તથા તેવી કોઈપણ માહિતીનો રેકર્ડ મધ્યસ્થ મહેકમ(વેલ્ફેર યુનિ.મેટર)વિભાગ પાસે ઉપલબ્ધ ન હોવાથી અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ વાંધાઓ/આક્ષેપો તથા અપીલ અધિકારી સમક્ષ રજુ કરેલ લેખિત રજુઆત યોગ્ય અને ઉચિત જણાતી ન હોય જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં ગુજરાત રાજ્ય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૬૩/૨૦૧૬/૪૪૪૩/પી, તા.૨૧/૦૩/૨૦૧૬ મુજબ ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ની કલમ–૪ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે પરિશિષ્ટ–૧ માં દર્શાવેલી કુલ–૨૭ સેવાઓને તેની સામે દર્શાવેલ સમયમર્યાદામાં આપવા જણાવેલ છે.જે આ સાથે સામેલ રાખેલ છે. સદર જાહેરનામામાં જણાવેલ ૨૭ સેવાઓ પૈકી કોઈપણ સેવા મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર)વિભાગને સ્પર્શતી નથી. આમ,તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ (વેલ્ફેર યુનિ.મેટર) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેક્ટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે તેમજ આયોગની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન પણ બીજી અપીલ કરી શકે છે.

નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૨૦
તા.૨૬/૦૮/૨૦૨૨

(સોનાલી આર. ગામીત) ૨૬/૮/૨૦૨૨
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯

**નકલ રવાના:** શ્રી દિપક પટેલ, રહે.૪૭, નવી શકિત વિજય સોસાયટી, વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૬ પ્રતિ....જાણ માટે.

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ–વેલ્ફેર યુનિ.મેટર વિભાગ) પ્રતિ....જાણ માટે.

Scanned with CamScanner

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫૦૦૩.

**અપીલ અરજી નં.૦૨/૨૨-૨૩**

**અરજદાર :** શ્રી દિપક પટેલ
**સામાવાળા :** ઈ.ચા.સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ(પી)વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :–**

**વિષય:–** અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૭/૦૬/૨૦૨૨ની મુળ અરજી આઈ.ડી.નં.૪૩૪ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૩૦/૦૭/૨૦૨૨ની અપીલ અરજી.

અરજદાર શ્રી દિપક પટેલ એ આઈ.ડી.નં.૪૩૪, તા.૨૭/૦૬/૨૦૨૨ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૧૨ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧૦ની માહિતીની વિગતો અંશતઃ મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને સ્પર્શતી હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૪ તા.૨૦/૦૭/૨૦૨૨થી પુરી પાડવામાં આવેલ માહિતી " માત્ર મુદ્દા નં.૧૦ની પૂર્તતા આપી છે. પરંતુ બાકીની કોઈ માહિતી આપી નથી. માહિતી ના આપવાના કોઈ કારણ જણાવ્યા નથી." એમ જણાવી મુળ અરજીમાં જણાવેલ માહિતી મેળવવા તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ મજકુર અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જે અપીલ અરજી C.C.C./C/Zone/Out/313 Dt.01/08/2022 થી અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત વિગતે મજકુર અરજદાર ધ્વારા તા.૨૭/૦૬/૨૦૨૨ના રોજ મુળ આરટીઆઈ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ની માંગવામાં આવેલ અંશતઃ માહિતી મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગને લાગત હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ ધ્વારા કચેરીના માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અધિકારીશ્રી નામ–હોદ્દા, સરનામા, ફોન નંબર, ઈ–મેઈલ નંબરની માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ. તેમજ RTI CELL એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી બાબતે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે એમ માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ.

અરજદારની તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે "માત્ર મુદ્દા નં.૧૦ની પૂર્તતા આપી છે. પરંતુ બાકીની કોઈ માહિતી આપી નથી. માહિતી ના આપવાના કોઈ કારણ જણાવ્યા નથી." તેમ જણાવેલ છે. જે પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા આ અંગે વિસ્તુત ચર્ચા/વિચારણા કરવા માટે તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉક્ત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ હતા.

અરજદાર ધ્વારા તા.૧૭/૦૮/૨૦૨૨ના રોજ રૂબરૂ સુનાવણીના રોજકામમાં ઉક્ત જણાવેલ રજુઆત અન્વયે મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ની માહિતી સિવાય કોઈપણ મુદ્દાની માહિતી મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને લાગત નથી તથા તેવી કોઈપણ માહિતીનો રેકર્ડ મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગ પાસે ઉપલબ્ધ ન હોવાથી અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ વાંધાઓ/આક્ષેપો તથા અપીલ અધિકારી સમક્ષ રજુ કરેલ લેખિત રજુઆત યોગ્ય અને ઉચિત જણાતી ન હોય જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં ગુજરાત રાજ્ય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૬૩/૨૦૧૬/૪૪૪૩/પી, તા.૨૧/૦૩/૨૦૧૬ મુજબ ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ની કલમ–૪ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે પરિશિષ્ટ–૧ માં દર્શાવેલી કુલ–૨૭ સેવાઓને તેની સામે દર્શાવેલ સમયમર્યાદામાં આપવા જણાવેલ છે. જે જાહેરનામામાં જણાવેલ ૨૭ સેવાઓ પૈકી કોઈપણ સેવા મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગને સ્પર્શતી નથી. આમ, ઉક્ત તમામ હકીક્ત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીક્ત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી દિપક પટેલની મુળ આઈ.ડી.નં.૪૩૪, તા.૨૭/૦૬/૨૦૨૨ થી ધ ગુજરાત રાઈટ ઓફ સીટીઝન ટુ પબ્લીક સર્વિસ એક્ટ–૨૦૧૩ સબંધિત તેમજ જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની વિગતના મુદ્દા નં.૧ થી ૧૨ની માહિતીની માંગણી કરેલ. સદર અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન અધિકારી, મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગ ધ્વારા નં.જીએડી/ઈએસટી/પી/ આઉટ/આરટીઆઈ/૦૪ તા.૨૦/૦૭/૨૦૨૨થી નિયત "નમુના–ગ"માં અત્રેના વિભાગને લાગત મુદ્દા નં.૧૦ની માહિતી પાઠવવામાં આવેલ જે યોગ્ય અને ઉચિત જણાય છે. અરજદારશ્રી ધ્વારા તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજ દાખલ કરેલ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા તેઓને રૂબરૂ સુનાવણીની તક આપવા જોગ જણાતી હોય, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૨૦ તા.૦૯/૦૮/૨૦૨૨થી અરજદારશ્રીને તા.૧૭/૦૮/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી(મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. અરજદારશ્રી ઉક્ત તારીખે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ. જેમાં તેઓને માંગેલ માહિતી અન્વયે પ્રથમ અપીલ અધિકારી સમક્ષ મુદ્દા નં.૧ થી૧૦ થી લેખિતમાં રજુઆત કરેલ. જે રજુઆત અન્વયે મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ સિવાય કોઈપણ મુદ્દો મધ્યસ્થ મહેકમ (પેન્શન)વિભાગને લાગત નથી તથા તેવી કોઈપણ માહિતીનો રેકર્ડ મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગ પાસે ઉપલબ્ધ ન હોવાથી અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ વાંધાઓ/આક્ષેપો તથા અપીલ અધિકારી સમક્ષ રજુ કરેલ લેખિત રજુઆત યોગ્ય અને ઉચિત જણાતી ન હોય જે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં ગુજરાત રાજ્ય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૬૩/૨૦૧૬/૪૪૪૩/પી, તા.૨૧/૦૩/૨૦૧૬ મુજબ ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ની કલમ–૪ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે પરિશિષ્ટ–૧ માં દર્શાવેલી કુલ–૨૭ સેવાઓને તેની સામે દર્શાવેલ સમયમર્યાદામાં આપવા જણાવેલ છે.જે આ સાથે સામેલ રાખેલ છે. સદર જાહેરનામામાં જણાવેલ ૨૭ સેવાઓ પૈકી કોઈપણ સેવા મધ્યસ્થ મહેકમ (પેન્શન)વિભાગને સ્પર્શતી નથી. આમ,તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે તેમજ આયોગની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન પણ બીજી અપીલ કરી શકે છે.

નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/ ૦૮
તા.૨૬/૦૮/૨૦૨૨

(સોનાલી આર.ગામીત)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯

**નકલ રવાના:** શ્રી દિપક પટેલ, રહે.૪૭, નવી શકિત વિજય સોસાયટી, વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૬ પ્રતિ....જાણ માટે.
**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ–પેન્શન વિભાગ) પ્રતિ....જાણ માટે.

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫૦૦૩. |

**અપીલ અરજી નં.૦૧/૨૨–૨૩**

**અરજદાર :** શ્રી ભારતી મોહંમદહનીફ ચોપડા

**સામાવાળા :** સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ(પી)વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી ભારતી મોહંમદહનીફ ચોપડાની તા.૦૮/૦૬/૨૦૨૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૦૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૮/૦૬/૨૦૨૨ની અપીલ અરજી.

અરજદાર શ્રી ભારતી મોહંમદ હનીફ ચોપડા એ આઈ.ડી.નં.૧૦૬, તા.૦૮/૦૬/૨૦૨૨ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની વિગતો અંશતઃ મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને સ્પર્શતી હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૨ તા.૨૩/૦૬/૨૦૨૨થી પુરી પાડવામાં આવેલ માહિતી/પૂર્તતાથી "નારાજ" હોય મુળ અરજીમાં જણાવેલ માહિતી મેળવવા તા.૨૮/૦૬/૨૦૨૨ના રોજ મજકુર અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જે અપીલ અરજી પર્સોનેલ ઓફિસરશ્રી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)સુરત મહાનગરપાલિકાના સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૯૬ તા.૩૦/૦૬/૨૦૨૨થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૧/૦૭/૨૦૨૨ના રોજ પ્રાપ્ત થયેલ.

ઉપરોક્ત વિગતે મજકુર અરજદાર ધ્વારા તા.૦૮/૦૬/૨૦૨૨ના રોજ મુળ આરટીઆઈ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ની માંગવામાં આવેલ અંશતઃ માહિતી મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગને લાગત હોવાનું જણાયેલ. જે માહિતીને જાહેર ગતિવિધી અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનું જણાતું ન હોય, તેમજ જે તે વ્યકિતગત કર્મચારીની અંગત માહિતી હોય ત્રાહિત પક્ષકાર/અરજદારને તેવી માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) ની જોગવાઈ અંતર્ગત પુરી પાડવા જોગ નથી. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (પેન્શન)વિભાગ ધ્વારા કરવામાં આવેલ માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ.

અરજદારની તા.૨૮/૦૬/૨૦૨૨ ની રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે "નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે." તેમ જણાવેલ છે. જે પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા આ અંગે વિસ્તુત ચર્ચા/વિચારણા કરવા માટે તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉકત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ અને અરજદાર તેમની સાથે તેમના વતી રજુઆત કરવા પોતાના પ્રતિનિધિ તરીકે શ્રી મુસ્તુફા આઈ. પટેલને નિમેલ હતા. તેમના દ્વારા સદર મુજબની રજુઆત કરેલ "આજરોજ આપ સાહેબ સમક્ષ રૂબરૂ રજુઆત કરેલ છે કે અરજદારે માંગેલ મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી માટે એકટમાં કોઈ પ્રતિબંધ નથી તેમજ જા.મા.અધિકારીશ્રીએ ખોટી કલમનો ઉપયોગ કરી અરજદારને માહિતી આપેલ નથી. તે ન્યાય સંગત નથી. ખરેખર નમૂના 'ક' માં મુદ્દા નં. ૧થી ૩ ની માહિતી અરજદારને તાકીદે મળવી જોઈએ એવી અમારી રજુઆત છે તેમજ લેખિત રજુઆત પણ આ સાથે સામેલ કરેલ છે. જે આપ સાહેબને વિદિત થાય." તેમજ **જાહેર માહિતી અધિકારીએ તેઓના પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત ધ્યાને લેતા, સદર માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે જે તે સમયે ઉપલબ્ધ કરાવી હોય તદ્ઉપરાંત કાયદાની કલમ–૮(૧)(ઠ) થી વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તેમજ તેની સાથે કોઈ જાહેર હિત સંકળાયેલ હોવાનું જણાતું ન હોય, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ (પી) વિભાગ) દ્વારા આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) વિગેરેથી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ. તેમજ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર દ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. જેનુ અનુસંધાન લઈ અરજદાર દ્વારા માંગવામાં આવેલ દસ્તાવેજી માહિતીની નકલ પુરી પાડવા જોગ જણાતી નથી. આમ, જાહેર માહિતી અધિકારીશ્રી** અને અરજદારના પ્રતિનિધિ દ્વારા રૂબરૂ સુનાવણીમાં રજુ કરેલ લેખિત રજુઆત ધ્યાને લેતાં સદર માંગવામાં આવેલ માહિતી બાબતે દિલ્હી હાઈકોર્ટના રીટ પીટીશન નં.૮૦૩ ઓફ ૨૦૦૯, **તા.૦૧/૦૭/૨૦૦૯ વિજય પ્રકાશ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશન દ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહાર વિગેરે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં કલમ–૮(૧)(ઝ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલહતી. જે બાબતો ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીશ્રી એ લીધેલ નિર્ણય આરટીઆઈ એકટની ઉકત જોગવાઈઓ તથા નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રિમકોર્ટના ઉકત ચુકાદાઓને ધ્યાને લેતાં તમામ પરિક્ષેપમાં ઉચિત જણાય છે.** (જે ચુકાદાની નકલ આ સાથે સામેલ છે.) આમ, ઉકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જે અત્રેના ખાતા પુરતી સદર અપીલ અરજીનો નિકાલ કરવા જોગ જણાય છે.

Scanned with CamScanner

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ભારતી મોહંમદ હનીફ ચોપડા એ આઈ.ડી.નં.૧૦૬, તા.૦૮/૦૬/૨૦૨૨ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની વિગતો અંશતઃ મધ્યસ્થ મહેકમ(પેન્શન) વિભાગને સ્પર્શતી હોવાનું જણાયેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(પેન્શન)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૨ તા.૨૩/૦૬/૨૦૨૨ થી પુરી પાડવામાં આવેલ માહિતી/પૂર્તતાથી "નારાજ" હોય મુળ અરજીમાં જણાવેલ માહિતી મેળવવા તા.૨૮/૦૬/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રીને સંબોધીને અપીલ અરજી દાખલ કરેલ. ઉક્ત પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા આ અંગે વિસ્તુત ચર્ચા/વિચારણા કરવા માટે તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે ઉક્ત તારીખે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ અને અરજદાર તેમની સાથે તેમના વતી રજુઆત કરવા પોતાના પ્રતિનિધિ તરીકે શ્રી મુસ્તુફા આઈ. પટેલને નિમેલ હતા. અરજદાર તરફે રજુઆત કરનાર અને જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા કરેલ રજુઆત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. પરંતુ સદર માંગવામાં આવેલ માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણુ પ્રસ્થાપિત કરી આરટીઆઈ એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતુ હોય સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે તેમજ આયોગની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન પણ બીજી અપીલ કરી શકે છે.

નં.જીએડી/ઇએસટી/પી/આઉટ/આરટીઆઈ/૦૬
તા.૨૧/૦૭/૨૦૨૨

(સોનાલી આર.ગામીત)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬
એક્ષટે.નં.૫૧૯

**નકલ રવાના:** શ્રી ભારતી મોહંમદહનીફ ચોપડા, C/O મુસ્તફા આઈ.પટેલ, ૧/૩૦૮૨, પખાલીવાડ, બડેખાંચકલા, સુરત–૩૯૫૦૦૧ પ્રતિ....જાણ માટે.

O/C
ભારતી ચોપડા
વતી
M. I. Patel
28-07-2022.
11:30 A.M.

Scanned with CamScanner